# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હી ખાતે ઇમર્જિંગ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઇનોવેશન સમિટનું ઉદ્ઘાટન કરશે.

2) ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે કેરળની બે દિવસની મુલાકાતે.

3) રાજસ્થાનના ફલોદી જિલ્લામાં થયેલા માર્ગ અકસ્માતમાં 15 મોત.

4) બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો પ્રચાર ચરમ સીમાએ પહોંચ્યો.

5) ભારતીય નારી શક્તિનો ડંકો, વિશ્વકપની ફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટીમ ઇન્ડિયાએ મહિલા વિશ્વ કપ જીત્યો - દેશભરમાં ઉજવણી

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ESTIC 2025 PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઇમર્જિંગ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઇનોવેશન સમિટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી સભાને પણ સંબોધિત કરશે.

શ્રી મોદી દેશમાં સંશોધન અને વિકાસ ઇકોસિસ્ટમને વેગ આપવા માટે એક લાખ કરોડ રૂપિયાના સંશોધન, વિકાસ અને નવીનતા યોજના ભંડોળનો પણ પ્રારંભ કરાવશે. આ યોજનાનો ઉદ્દેશ્ય ભારતમાં ખાનગી ક્ષેત્ર-સંચાલિત સંશોધન અને વિકાસ ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાનો છે.

આ ત્રણ દિવસીય કાર્યક્રમમાં શૈક્ષણિક, સંશોધન સંસ્થાઓ, ઉદ્યોગ અને સરકારના ત્રણ હજારથી વધુ સહભાગીઓ તેમજ નોબેલ પુરસ્કાર વિજેતાઓ વૈજ્ઞાનિકો, અને નીતિ નિર્માતાઓને એકઠા થશે. ચર્ચા-વિચારણા 11 મુખ્ય વિષયોના ક્ષેત્રો પર કેન્દ્રિત હશે.

# VP - KERALA VISIT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે કેરળની બે દિવસની મુલાકાતે તિરુવનંતપુરમ પહોંચશે. પદ સંભાળ્યા પછી રાજ્યની આ તેમની પહેલી મુલાકાત છે.

વધુ માહિતી સાંભળીએ અમારા સંવાદદાતા તરફથી :

(V/C- ARJUN-SHARMA-RADHKRISHNAN)

# NT. RAJASTHAN - ROAD ACCIDENT

રાજસ્થાનના ફલોદી જિલ્લામાં થયેલા માર્ગ અકસ્માતમાં 15 લોકોના મોત થયા છે.

ગત મોડી સાંજે, માટોડા નજીક ભારતમાલા એક્સપ્રેસ વે પર એક ટેમ્પો ટ્રાવેલર, ટ્રક સાથે અથડાતા થયેલા અકસ્માતમાં 15 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને બે અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસ અને સ્થાનિક રહેવાસીઓએ બચાવ કામગીરી શરૂ કરી હતી, જ્યારે ઘાયલોને ગ્રીન કોરિડોર દ્વારા જોધપુરની MDM હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બધા પીડિતો જોધપુરના સુરસાગર વિસ્તારના એક પરિવારના સભ્યો હતા, જેઓ કોલાયત મેળામાંથી પરત ફરી રહ્યા હતા.

મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો અને અધિકારીઓને ઘાયલોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ અસરગ્રસ્ત લોકો અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી.

પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી દરેક મૃતકના પરિવારને 2 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે.

# BIHAR CAMPAIGNING

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો પ્રચાર આવતીકાલે સાંજે સમાપ્ત થશે ત્યારે પ્રચાર ચરમ સીમાએ પહોંચ્યો છે.

એનડીએ અને મહાગઠબંધન બંનેના સ્ટાર પ્રચારકો અને વરિષ્ઠ નેતાઓએ પોતપોતાના ઉમેદવારોના સમર્થનમાં મતદારોને આકર્ષવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. આજે, પ્રથમ તબક્કા ઉપરાંત, બીજા તબક્કામાં મતદાન થનારા મતવિસ્તારોમાં પણ સઘન પ્રચાર કરવામાં આવશે.

વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ માત્ર ચૂંટણી રેલીઓ દ્વારા જ નહીં પરંતુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા પણ મતદારો સુધી પહોંચી રહ્યા છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ

(V/C- DHARMENDRA-KR-RAI-BIHAR)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# JITENDRA SINGH

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ ઝુંબેશ 4.0 હેઠળ SBI મેગા કેમ્પમાં ભાગ લેશે.

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે જણાવ્યું હતું કે આ ઝુંબેશનો ઉદ્દેશ્ય 2,000 થી વધુ શહેરો અને નગરોમાં 2 કરોડ પેન્શનરો સુધી પહોંચવાનો છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું કે, આ ઝુંબેશ આધાર-આધારિત ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકે છે, જે પેન્શનરોને બાયોમેટ્રિક ઉપકરણોની જરૂરિયાત વિના સરળતાથી તેમના જીવન પ્રમાણપત્રો સબમિટ કરવા સક્ષમ બનાવશે.

# GST

GST બચત ઉત્સવથી દેશભરના નાગરિકોને ફાયદો થઈ રહ્યો છે. આજે પ્રસ્તુત છે કૃષિ ક્ષેત્રમાં નવા GST દર ખેડૂતોને કેવી રીતે મદદ કરી રહ્યા છે તે અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ

(VC- આદર્શ)

# WOMEN'S WORLD CUP

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ગઈકાલે દક્ષિણ આફ્રિકાને 52 રનથી હરાવીને પ્રથમ એક દિવસીય વિશ્વ કપ જીતીને ઇતિહાસ રચ્યો છે. હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપ હેઠળ, ભારતે 2025 મહિલા વિશ્વ કપ ફાઇનલમાં ગઇકાલે દક્ષિણ આફ્રિકાને 52 રનથી હરાવી આ ઇતિહાસ રચ્યો છે

ડી.વાય.પાટિલ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઇનલમાં, ભારતે પ્રથમ બેટિંગ કરતાં સાત વિકેટે 298 રનનો મજબૂત સ્કોર બનાવ્યો. શેફાલી વર્માએ 78 બોલમાં 87 અને દીપ્તિ શર્માએ 58 બોલમાં 58 રન બનાવ્યા હતા

શેફાલીએ સ્મૃતિ મંધાના સાથે 106 રનની ઓપનિંગ ભાગીદારી અને જેમીમા રોડ્રિગ્સ સાથે 62 રનની ભાગીદારી સાથે ભારતને મજબૂત શરૂઆત અપાવી હતી. દક્ષિણ આફ્રિકા માટે આયાબોંગા ખાકાએ 58 રનમાં ત્રણ વિકેટ લીધી.

299 રનના લક્ષ્યનો પીછો કરતાં દક્ષિણ આફ્રિકાની શરૂઆત ખરાબ રહી, પરંતુ કેપ્ટન લૌરા વોલ્વાર્ડે 98 બોલમાં 101 રનની શાનદાર સદી ફટકારીને ટીમને સ્પર્ધામાં રાખી. દીપ્તિ શર્માએ પાંચ, જ્યારે શેફાલી વર્માએ બે મહત્વપૂર્ણ વિકેટ લીધી. આફ્રિકન ટીમ 45.3 ઓવરમાં 246 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને ભારતે 52 રનથી મેચ જીતી લીધી હતી.

શેફાલીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી, જ્યારે દીપ્તિ શર્માએ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ જીત્યો. કેપ્ટન હરમનપ્રીત કૌરે જીત અંગે ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે..

<u>(BYTE- HARMAN-PREET)</u>

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલા ટીમ ઇન્ડિયાને શાનદાર જીત બદલ અભિનંદન આપ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે આ ઐતિહાસિક ક્ષણ મહિલા ક્રિકેટને વધુ ઊંચાઈએ લઈ જશે. ખેલાડીઓના દૃઢ નિશ્ચય અને પ્રેરણાદાયી પ્રદર્શનની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે છોકરીઓએ ભારતને ગૌરવ અપાવ્યું છે.

પ્રધાનમંત્રીએ પોતાના સંદેશમાં તેને એક અદ્ભુત વિજય ગણાવ્યો. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ ટીમને અભિનંદન આપતા કહ્યું કે મહિલા ક્રિકેટરોએ સમગ્ર રાષ્ટ્રના દિલ જીતી લીધા છે. અમિત શાહે પણ ટીમને અભિનંદન આપ્યા અને તેને દેશ માટે એક મહત્વપૂર્ણ ક્ષણ ગણાવી. દેશભરમાં આ વિજયની ઉજવણી મોડીરાત સુધી થઇ હતી ક્રિકેટ રસિકોએ ફટાકડા ફોડીને જીતની ઉજવણી કરી હતી.

અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ વર્લ્ડ કપમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમની જીતના સમાચારોની હેડલાઇન બનાવી છે.
- ગુજરાત સમાચાર લખે છે ક્રિકેટ વર્લ્ડ કપ- ભારતની મહિલા બ્રિગેડે મેદાન માર્યું....ઈસરોએ સૌથી ભારે સેટેલાઈટ છોડી ઈતિહાસ રચ્યો....મતદાર યાદી સુધારણા માટેની કામગીરીનો મંગળવારથી પ્રારંભ...
- દિવ્ય ભાસ્કર લખે દેશમાં દેવી દિવાળી.... મહિલા ક્રિકેટ ટીમ પહેલી વખત ચેમ્પિયન.....બુલેટ ટ્રેન, મેટ્રો અને રિંગ રોડનો સંગ અંત્રોલી બનશે દ.ગુજરાતનું ટ્રાન્સપોર્ટ હબ...
- સંદેશ લખે છે વન્ડર વિમેન્સ- ભારત પ્રથમવાર વર્લ્ડ ચેમ્પિયન.... ઈસરોએ બાહુબલી રોકેટ દ્વારા નેવી માટે સૌથી વધુ વજનનો ઉપગ્રહ લોન્ચ કર્યો....